અપીલ અરજી નં.૧૭૨ તા.૧૭-૯-૦૮

અરજદારઃ શ્રી ગુલામ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,સેન્ટ્રલ ઝોન

***હુકમઃ-***

***વિષય :-***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૭-૮-૦૮ ની અરજીથી નાનપુરા ટીમલીયાવાડ ચાર રસ્તા પર આવેલ હરીઓમ પ્લાઝાની બાજુમાં ચાલતાં બાંધકામના સર્વે ૧૨૪૧ / બ ની બાજુમાં વોર્ડ નં.૧ નું બાંધકામ કાયદેસર થઈ રહયું છે તે અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :-*** અરજદાર મજકુરની તા.૧૭-૯-'૦૮ ની અપીલ અરજી નં.૧૭૨/૨૦૦૮-૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૭-૮-૦૮ ની અરજીથી નાનપુરા ટીમલીયાવાડ ચાર રસ્તા પર આવેલ હરીઓમ પ્લાઝાની બાજુમાં ચાલતાં બાંધકામના સર્વે ૧૨૪૧/બ ની બાજુમાં વોર્ડ નં.૧ નું બાંધકામ કાયદેસર થઈ રહયું છે તે અંગે માહિતી આપવા બાબતે આપેલ જવાબો ખોટા આપેલ છે તેમજ માહિતી સાચી પૂરી પાડેલ ન હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૬૬૮ તા.૯-૯-૦૮ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭-૯-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૫ તા.૨૨-૯-૦૮ થી આસી.કમિશનર જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પાઠવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/આ.નં.૮૦૮ તા.૮-૧૦-૦૮ થી પૂરક માહિતી પુરી પાડવામાં આવેલ છે.

અરજદારે મુળ અરજીમાં નાનપુરા ટીમલીયાવાડ ચાર રસ્તા પર આવેલ હરીઓમ પ્લાઝાની બાજુમાં ચાલતાં બાંધકામના સર્વે ૧૨૪૧/બ ની બાજુમાં વોર્ડ નં.૧ નું બાંધકામ કાયદેસર થઈ રહયું છે? તે અંગે રજુઆત કરેલ છે. જેની સામે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ છે. પરંતુ મંદ્દા નં.૨,૩ અને ૪ અંગે વોર્ડ નં.૧ નોંધ નં.૮૫૫/૫ ની મીલકત જુની છે તે રેકર્ડ જોતાં મંજુર પ્લાનની વિગતો મળી આવેલ નથી જેથી બાંધકામનો બિલ્ટપ એરીયા કે ગેરકાયદેસર બાંધકામ કેટલું તેની વિગતો જાણી શકાય નથી. જે અંગે અરજદારે અપીલ કરી સ્થળ ઉપર જુની મિલકતનો એક પણ અંશ મોજુદ નથી અને ગેરકાયદેસર બાંધકામ અંગે રજુઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૭-૮-૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૫ ની માહિતી પુરી પાડેલ છે. જયારે મુદ્દા નં. ૨ થી ૪ માં રેકર્ડ જોતાં મંજુર પ્લાનની વિગતો મળી આવેલ નથી જેથી બાંધકામનો બિલ્ટપ એરીયા કે ગેરકાયદેસર બાંધકામ કેટલું તેની વિગતો જાણી શકાય નથી. આથી અરજદારને રેકર્ડ આધારીત હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસાર કલમ-૭(૬) હેઠળ વિનામુલ્યે દિન-૭માં પુરી પાડવા શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/
તારીખ : -૧૦-૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર,***
***સુરત મહાનગરપાલિકા.***

***પ્રતિ***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ગુલામ મેમણ